# 1st TERMINAL EXMINATION – 2018

## Std : 12th Sub : Gujarati

**Date : 20-10-2018** **(Answer key)** **Marks : 100**

**(વિભાગ – અ)**

Ans.1) ' વીડી વાઢનારા ' લોકગીતમાં નાયક કરતાં નાયિકા વધારે ચડિયાતી બતાવવામાં આવી છે. એમાં સ્ત્રીની શકિતનો પરિચય કરાવ્યો છે. નાયિકા આખો દિવસ ઘરકામ કરે છે. અને ઘરકામથી પરિવારી તે પતિને પૈસા કમાવામાં મદદરૂપ બને છે. મજૂરી કરવા જાય છે. તેનો પતિ આખા દિવસ દરમિયાન પાંચ પૂળા કાપે છે જયારે નાયિકા દિવસ દરમિયાન દસ–વીસ પૂળા કાપે છે. એમાં એની કાર્યદક્ષતા દેખાય છે. પત્નીએ પોતાના કરતાં વધારે ધાસ કાપ્યું છે એ નાયકથી સહન થતું નથી અને તેથી નાયિકા અને ઘાસનો તાનો ભારો માથે ચઢાવે છે પણ પતિ એને ઘાસનો ભારો માથે ચઢાવવા ઊભો રહેતો નથી. એમાં એની ઈર્ષ્યા અને સ્વાર્થ દેખાય છે. નાયિકા વટેમાર્ગુને વીર કહીને તેને ભારો ચઢાવવા વિનંતી કરે છે. એમાં સ્ત્રી સહજ ઉદારતા દેખાય છે. નાયક કરતાં નાયિકાને મજૂરી પણ વધારે મળે છે છતાં નાયિકા સ્હેજપણ સ્વાર્થી બનતી નથી કે અભિમાન કરતી નથી. ઉપરથી તે તો પોતાનો ભારો ચઢાવનાર વટેમાર્ગુને ભાઈ માનીને તેને પ્રેમથી જમાડે છે. એમાં એના એક વિશાળ હૃદયના દર્શન થાય છે. અને આ રીતે નાયિકા બધી રીતે ચડિયાતી સાબિત થાય છે.

Ans.2) ' એક સરખા દિવસ સુખના ' કાવ્યમાં કવિ માનવને એક સંદેશ આપતા કહે છે કે માણસે ગર્વ ન કરવો, કારણ કે રાજામાંથી રંક બનતા વાર નથી લાગતી. મનુષ્ય જયારે માનવજીવનનો ત્યાગ કરી ઈશ્વરના દરબારમાં જાય છે ત્યારે તેનું ધન, સંપતિ કે સ્વજનો કોઈ તેની સાથે આવતું નથી. તેને આ દુનિયામાંથી જેવી રીતે આવ્યા હતા એવી જ રીતે ખાલી હાથે પાછા જવું પડે છે માટે કયારેય સાચા અને સારા કાર્યોથી ન ડરવું કવિએ અહીં ખીલે એ કરમાય, સર્જન પામે કે વિનાશ પામે એવા ઉદાહરણો આપી ઊંચી નીચી ફર્યા કરતી જીવન ઘટમાળને સરળ શબ્દોમાં સમજાવી છે સમજદાર માણસો દુ:ખમાં દુભાતા કે સુખમાં ફૂલાતા નથી. મુશ્કેલીમાં આવી પડેલ માનવીને પરેશાન કરવો એ દુષ્કૃત્યતો દુર્જનોનું છે. માટે આ કાવ્યમાં કવિ અંહકાર – હું પદ છોડીને ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરવા કહે છે. સ્થિતપ્રજ્ઞ રહીને અન્યને મદદરૂપ થવાનું કહે છે.

**અથવા**

Ans.2) ગંગાસતી આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં જેને ષડરિપુ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરૂપી છ ભયંકર શત્રુઓ ગણાવ્યા છે. તે પૈકીના એક શત્રુ ક્રોધને જીતવાનો આદેશ આપે છે. ક્રોધી સ્વભાવને જીતવો હોય તો પોતાના અંતરમાંથી ક્રોધને કાઢવો જોઈએ. અને દરેક વ્યકિત પ્રત્યે સમાનભાવ રાખવો જોઈએ. અને કયારેય કોઈનોય વિરોધ ન કરવો જોઈએ. તે જ આપણી ક્રોધી સ્વભાવને જીતી શકીશું એમ ગંગાસતી કહે છે. ઉપરાંત જીવનને નિર્મળ, પવિત્રરાખીને કામનાઓ, વાસનાઓને જીતવાથી અંતરમાં વૈરાગ રાખવાથી, સુખ સંપતિનો મોહ છોડીને, દુર્જનનો સંગ છોડીને , આ લોક અને પરલોકની આશા છોડીને, ભગવાનમાં ધ્યાન પરોવીને, અંતરનું અભિમાન છોડીને અને ગુરૂના વચનમાં વિશ્વાસ રાખવાથી આપણો ક્રોધી સ્વભાવ જીતી શકાશે. એવો ઉપદેશ ગંગાસતી પાનબાઈને આપે છે.

Ans.3) આ જગતમાં જે ખીલે છે તે કરમાય છે. જે સર્જન પામે છે તે નાશ પામે છે, અને જે ચડે છે તે પડે છે એ નિયતિનો ક્રમ છે.

Ans.4) ગંગાસતી અંતરમાં પોતાના જીવનને, મનને નિર્મળ અને પવિત્ર રાખી કામનાઓ અને વાસનાઓનો ત્યાગ કરી અંતરમાં વૈરાગ ધારણ કરવાનું કહે છે. તેનાથી આપણું અને સર્વનું હિત થાય છે.

**અથવા**

Ans.4) નાયિકા પોતાના પતિને ' મુંજા વાલમજી ' સંબોધન કરે છે.

Ans.5) નાયકને એક ખાલી જાર મળી જયારે નાયિકાનો ભારો મોટો હોવાથી તેને જાર કરતાં વધારે ઘઉ મજૂરી સ્વરૂપે મળે છે.

Ans.6) ઊંઘતા નહીં પણ પાંપણનો પડદો ઉપાડવાથી સોનેરી સપનું જોઈ શકાય.

**અથવા**

Ans.6) ગંગાસતી ભજન દ્વારા પોતાની શિષ્યા પાનબાઈને ઉપદેશ આપે છે.

Ans.7) ગંગાસતીના મતે જગતને વૈભવ મિથ્યા છે.

Ans.8) ' વીડી વાઢનારા – કાવ્ય ' રઢિયાળી રાત' માંથી લેવામાં આવ્યું છે.

Ans.9) મનુષ્યે દુષ્કર્મથી ડરવાનું છે.

Ans.10) ' હંકારી જા ' કાવ્યનો પ્રકાર ઊર્મિકાવ્ય છે.

**(વિભાગ – બ )**

Ans.11) બિસ્મિલ્લાખાંના કુટુંબમાં વંશપરંપરાની શરણાઈ બજાવવાનું ચાલ્યું આવતું હતું. તેમના પિતા, દાદા, મામા, નાના, સૌ શરણાઈ બનાવવાનું કામ કરતાં હતા. તેથી બિસ્મિલ્લાખાંને પણ પાંચ વરસની ઉંમરે નાની શરણાઈ આપી દીધેલી.

Ans.12) જમનાએ અખાને ત્રણસો રૂપિયા આપ્યા હતા. તેમાંથી તેણે અખાને કંઠી બનાવવા આપી હતી. પરંતુ જમનાને અખા પર અવિશ્વાસ આવ્યો કે મારા ત્રણસો રૂપિયા પૂરેપૂરાની આ કંઠી નહી હોય માટે તેણે બીજા ચોકસી પાસે આ કંઠીની કિંમત કરાવી પરંતુ કંઠી તો ત્રણસોના બદલે ચારસો રૂપિયાની થઈ ત્યારે જમનાએ પસ્તાવો થયો.

**અથવા**

Ans.12 નારાયણ હેમચંદ્ર ગુણોના ભંડાર હતા. નિખાલસ અને સાદગી ધરાવતા હતા. એટલા મોટા માણસ છતાં બાહય ટાપટીપમાં માનતા ન હતા. તેમની સાદથી તેમના પોશાકમાં દેખાય છે. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન, ઉપર ચોળાઈ ગયેલો, કાંઠલે મેળો, બદામી રંગનો કોટ, નેકટાઈ કોલર જોવા ન મળે કપડામાં કોઈ વ્યવસ્થિતતા ન મળે. એક વખત ધોતિયું પહેરીને અમેરિકા ગયા. ત્યાં અસભ્ય પોશાક પહેરવા બદલ પકડીને સજા કરવામાં આવી. અરે, ભાષા ન આવડે તો પણ શીખવા પ્રયત્ન કરે એમાં નાનમ ન અનુભવે આવી સરળતા અને નિખાલસતા હતી.

Ans.13) કુસુમ સુન્દરને કહે છે કે ગુણિયલ મને બુધ્ધિમન ભાઈને પરણાવવા માગે છે પણ મારી બહેનના સસરા એ તો મારા વડીલ છે. પિતાજી મને સરસ્વતીચંદ્ર સાથે પરણવવા માગે છે એમાં પણ મારી ના છે. ચંન્દ્રકાન્તભાઈ સાથે પણ મારી ના છે. આમ, હું લગ્ન કરવા માંગતી નથી. સાધવી બની મારાંબાઈની જેમ જીવવા માંગુ છું એમ કહે છે.

Ans.14) અખો સોના ચાંદીની હલકી ધાતુ ભેળવે છે. એવું અખા પર આળ આવ્યું.

Ans.15) 'થીગડું ' પાઠમાં રાજા–રાણીથી બોલાઈ ગયું કે – ' આના કરતાં તો જવાની નહિ હોય તો સારું.'

**અથવા**

Ans.15) વેનિસમાં ૧૧૪ ટાપુઓ, સાનમાર્કો, ત્યાં આવેલો ઊંચો સ્તંભ, સાનમાર્કોનું દેવળ, એક મકાન પર આવેલ મોટો તોતિંગ ઘંટ, ડોજીસ પેલેસ અને તેમાં આવેલા સુંદર કલાત્મક રંગીન ચિત્રો છે.

Ans.16) અખો ત્રણ દિવસથી બીજું કશું કામ હાથ પર લીધા વિના જમનાની કંઠી ઘડવાનું કામ કરતો હતો.

Ans.17) અંદરના જળમાર્ગમાં જવા માટેની સાંકડી પણ સુંદર ઘાટની કલામય હોડી એટલે ગંડોલા.

**અથવા**

નારાયણ હેમચંદ્ર બેડોળ પાટલૂન, ચોળાઈ ગયેલો કોટ, કાંઠલે મેલો, ધોતિયું પહેરતા, બદામી રંગનો કોટ, નેકટાઈ કોલર જોવા ન મળે.

Ans.18) પ્રભાશંકરે કિશોરને સોયમાં દોરો પરોવી આપવાનું કામ કર્યુ. કારણ કે પ્રભાશંકરને કોટની બાંયને થીંગડુ મારવું હતું.

**અથવા**

Ans.18) માળણ કુસુમની આંખોને કેસુડાનાં ફૂલ સાથે સરખાવે છે.

Ans.19) નારાયણ હેમચંદ્ર મરાઠી, હિંદી, ગુજરાતી અને બંગાળી ભાષાના જાણકાર હતા.

Ans.20) પ્રભાશંકર માટે પાણીનો પ્યાલો લઈને પારવતી ડોશી તેમનાં પત્ની હાજર રહેતા.

Ans.21) 'બિસ્મિલ્લાખાં' પાઠનો પ્રકાર મુલાકાત છે.

Ans.22) 'કસુમનું કઠણતપ' 'સરસ્વતી ચંદ્ર' માંથી લેવામાં આવ્યું છે.

(વિભાગ – ક) (વ્યાકરણ વિભાગ)

Ans.23) નારાયણ હેમચંદ્રે અમેરિકા જવાનો પોતાનો નિશ્ચય પાર પાડયો.

Ans.24) સોનીનો ધંધો હવે નહિ કરવાનો મેં નિશ્ચય કર્યો છે.

Ans.25) મારી બંસીમાં બોલ બે વગાડી તું જા.

Ans.26) દુર્ભાગ્યે હોટલ અંદરના ખૂણામાં હતી.

Ans.27) જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા.

Ans.28) સાવ રે સોનાનું મારું દાંતરડું રે લોલ.

Ans.29) તમારા જીવન પર સૌથી પ્રબળ અસર કોની !

Ans.30) વેનિસનું સૌંદર્ય ચડે કે આ સૃષ્ટિ સૌદર્ય ?

Ans.31) મરવાથી ડરવું નહીં, મરવું એક જ વાર.

Ans.32) 'એમની સાધના જ એવી હતી કે એ સૌને ઝાંખા પાડી દે. '

Ans.33) ક્રોધી સ્વભાવને જીતવો અને રાખવો નહી અંતરમાં ક્રોધ રે.

Ans.34) પરણ્યા પછી પ્રભાશંકર આણું કરવા સાસરે ગયા ત્યારે પત્ની સાથે આ પ્રમાણે વાત થઈ.

Ans.35) હા, એવું કશું બને, એ વસ્ત્ર સાંધી નહિ શકાય.

Ans.36) મેં ઊંઘ ઊડાડીને જોયું તો મામા એકદમ સાજા લાગ્યા.

Ans.37) અહીંથી ઊઠયા છો તો ઈશ્વરના સોગન અને તમે જમનાબેનને પણ હમણાં કશું કહેશો નહિ.

Ans.38) ઈશ્વરી દુઆ ખાનગી જ રાખીએ એવી મને એમણે શિખામણ આપી.

Ans.39) સુન્દર અડકવા ગઈ, કુસુમે તેને અટકાવી.

Ans.40) સખત મહેનત કરો, પરંતુ ફળની આશા રાખશો નહિ.

Ans.41) This too will pass.

Ans.42) જેવું કરો, તેવું પામો.

(વિભાગ – ડ )

Ans.43) કવિ પાસે થોડા સિકકા અને થોડી નોટો નથી. પણ કવિના મન પર એની જરાય અસર થતી નથી. કવિનું ગણિત જુદું હોવાથી તે પોતાની જાતને ગરીબ કે રાંક માનતા નથી.

Ans.44) ઉપરવાળી બેંક એટલે ઈશ્વર. તે સર્વ રીતે સમૃદ્ધ છે. સૌને રોજેરોજનો ખોરાક આપે છે અને કાલની ચિંતા કરવા દેતો નથી. તે માનવીઓને ભૂખ્યા જગાડે છે, પણ કોઈને ભૂખ્યા સુવાડતો નથી.

Ans.45) 'સોનાની સાંકડી ગલી ' એટલે ધનાઢય લોકોનું વૈભવશાળી જીવન. ધનના લોભી લોકોનું જીવન સ્વાર્થ પૂર્ણ હોય છે. તેમના હેતમાં પણ ગણતરીપૂર્વકનો સ્વાર્થ છુપાયેલો હોય છે. ધનની પાછળ આંધળી દોટ મૂકતા લોકો કવિને જીવતાંજાગતાં પ્રેત જેવા લાગે છે.

Ans.46) કવિને ધૂળિયો મારગ ગમે છે, કારણ કે એમાં આપણા જેવા કૈંક અલગારી સાથીઓ મળી જાય છે, મન ખોલીને તેમની સાથે સુખદુ:ખની વાર્તા કરી શકાય છે. આવું જીવન નૈસર્ગિક અને સાચું છે. એમાં બનાવટ કે દંભ હોતાં નથી. માણસ – માણસ વચ્ચે સાચા પ્રેમસંબંધો હોય છે.

Ans.47) કાવ્યનું યોગ્ય શીર્ષક : ધૂળિયો મારગ

Ans.48) માણસના મનની અંદર બે બારીઓ છે. એકમાંથી તે પોતે કેવો છે તે જોઈ શકે છે : આત્મ નિરીક્ષણ કરી શકે છે. બીજીમાંથી તે પોતાના આદર્શ સ્વરૂપનો ખ્યાલ મેળવી શકે છે.

Ans.49) અન્યાય, અભિમાન અને દુષ્ટતા જેવા દુર્ગુણનાં પરિણામ જાણ્યા પછી એટલે કે જ્ઞાનપ્રાપ્તિ પછી મનુષ્યે સદાચારી જીવન જીવવું જોઈએ.

Ans.50) ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે અને તે વિશે ભાષણો કરે છે, પણ વ્યવહારમાં નીતિના વિચારો પ્રમાણે આચરણ કરતા નથી. કેટલાક લોકો એમ માને છે કે નીતિના વિચારોનો આ લોકમાં કોઈ ઉપયોગ કરવાનો નથી, તેનો અમલ મૃત્યુ પછી પરલોકમાં કરવાનો છે.

Ans.51) સંપૂર્ણ થવા માટે મનુષ્યે ગમે તેટલાં દુ:ખો આવે તોપણ તે સહન કરીને નીતિમય જીવન જીવવું જોઈએ.

Ans.52) આ ગદ્યખંડનું યોગ્ય શીર્ષક : સદાચારી જીવન

Ans.53) આ પંકિતઓમાં કવિએ આપણને સૌદર્યનું મહત્વ સમજાવ્યું છે.

સૌદર્ય એ ઈશ્વરની પ્રસાદી છે. આ પ્રસાદી પુણ્યાત્માને જ પ્રાપ્ત થાય છે, પાપીને નહિ. બાગમાં ખીલતાં પુષ્પો, ઉષા – સંધ્યાના રંગો , ખેતરોમાં લહેરાતો હરિયાળો મોલ, નાનાં બાળકો વગેરેમાં કુદરતે મા મૂકીને સૌદર્ય ઠાલવી દીધું છે. પરંતુ આ સૌદર્ય આપણને માણતાં આવડવું જોઈએ. સુંદર વસ્તુનો નાશ કરીને સુંદરતાને પામી શકાય નહિ. સૌદર્યની રક્ષા કરીને જ તેનો આનંદ માણી શકાય.

સુંદર ફૂલને ચૂંટી લઈએ તો તે થોડા વખતમાં જ કરમાઈ જાય છે. સૌંદર્યનો વિનાશ થઈ જાય, એવી રીતે આપણે તેના સૌંદર્યનો વિનાશ થઈ જાય, એવી રીતે આપણે તેના સૌંદર્યને માણી શકીએ નહિ. આપણે સૌંદર્યને ખરા અર્થમાં માણવા ઈચ્છતા હોઈએ, તો આપણે એવી દષ્ટિ પણ કેળવવી પડે. અર્થાત્ આપણે પોતે પણ સુંદર બનવું પડે.

**અથવા**

Ans.53) કવિ કલાપીની આ કાવ્યપંકિત મનુષ્યજીવનના એક ચિરંતન સત્યનો નિર્દેશ કરે છે.

સર્જન અને વિનાશ એ કુદરતનો અનિવાર્ય ક્રમ છે. કુદરતના દરેક તત્વમાં સર્જન અને વિનાશ કરવાની શકિત તેમજ શકયતા રહેલી છે. જે તત્વ જીવનપોષક હોય, એ જ કયારેક સંહારક પણ બની શકે છે. જળને જીવન કહેવાય છે. જગતની મોટા ભાગની સંસ્કૃતિઓ નદીને કિનારે પાંગરી છે. પણ જીવન પોષક જળ વડે જ અતિવૃષ્ટિ અને પૂર જેવી વિનાશકારી હોનારતો સર્જાય છે. એ જ રીતે ધરતી આપણને આધાર અને આશ્રય આપે છે. મબલખ અનાજ અને ખનીજસંપતિના ભંડાર ધરતી પાસેથી જ મળે છે. તેથી ધરતીને માતાનો દરજજો આપવામાં આવ્યો છે. ધરતીકંપ થાય છે, ત્યારે એ જ ધરતીમાતા ગગનચુંબી ઈમારતોના પણ જમીનદોસ્ત કરી દે છે અને જાનમાલની ભારે ખુવારી સર્જે છે. માનવજીવન માટે અત્યંત ઉપયોગી અગ્નિ અને વાયુ કયારેક ભયંકર વિનાશ વેરે છે.

આમ જે વ્યકિત , વસ્તુ કે તત્વ પોષક હોય છે, તે જ કોઈક વખત સંહારક નીવડી શકે છે. કારણ કે પોષવું અને સંહારવું એ કુદરતનો સ્વાભાવિક ક્રમ છે.

**(વિભાગ – ઈ )**

Ans.54) **વૃક્ષારોપણનો અહેવાલ** (05)

અમારી શાળામાં દર વર્ષે વૃક્ષારોપણ સપ્તાહ ઊજવવામાં આવે છે. આ વર્ષે પણ અમારી શાળામાં તો૧૦ મી જુલાઈથી ૧૬ મી જુલાઈ સુધી વૃક્ષારોપણ સપ્તાહ ઊજવવામાં આવ્યું હતું.

શાળાના વિશાળ પટાંગણમાં સરખા અંતરે ૨૫ ખાડા તૈયાર કરવામાં આવ્યા હતા. પટાંગણમાં ઠેર ઠેર પોસ્ટરો લગાડવામાં આવ્યાં હતાં. જેમાં ' એક બાળ, એક ઝાડ,' , ' વૃક્ષ જતન, આાબદ વતન ' , 'વૃક્ષો વાવો, વરસાદ લાવો ', ' વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો ' વગેરે સૂત્રો લખેલાં હતાં.

અમારી શાળાના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ સપ્તાહની ઉદ્ઘાટનવિધિ કરવામાં આવી. એક ટૂંકા પ્રવચનમાં એમણે વૃક્ષોનો મહિમા સમજાવ્યો. સૌએ તાળીઓના ગડગડાટથી તેમનું અભિવાદન કર્યુ. પછી પહેલેથી તૈયાર કરાયેલા એક ખાડામાં તેમણે એક વૃક્ષ રોપી, તેને પાણી પાયું. ત્યાર પછી વિદ્યાર્થીઓ ધ્વારા જુદા જુદા ખાડાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

વૃક્ષારોપણ સપ્તાહ નિમિતે રોજ જુદા જુદા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. 'વૃક્ષો આપણા મિત્રો ' નામનું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યુ હતું. છેલ્લા દિવસે રોપવામાં આવેલા વૃક્ષોની ફરતે ટ્રી–ગાર્ડઝ ગોઠવવામાં આવ્યા. આમ, આ વૃક્ષારોપણ સપ્તાહ અમારા માટે માહિતી અને આનંદનું પર્વ બની રહયું.

Ans.55) **પ્રેમનાં બે સ્વરૂપો** (05)

પ્રેમ પરસ્પરના સમભાવમાંથી જન્મે છે. એમાં હૃદયઐકય સધાતું હોવાથી એનું સ્વરૂપ ઊર્ધ્વગામી હોય છે. પરંતુ સ્ત્રી અને પુરુષના પ્રમનું સ્વરૂપ વધુ જટિલ છે. આ પ્રેમસંબંધના સૂક્ષ્મ અને સ્થૂળ , એમ બે પ્રકારો છે. સૂક્ષ્મ પ્રેમ વડે જીવન ઉન્નત બને છે જયારે સ્થૂળ પ્રેમ વડે સુખ મળતું નથી પણ વ્યકિતનો વિનાશ થાય છે.

Ans.56) મુદ્દા પ્રમાણે વિષય વસ્તુ પ્રમાણે ભાષાશુદ્ધિ પ્રમાણે નિબંધના ગુણ લખાણ મુજબ રહેશે. (10)